# ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ) અમદાવાદ.

## વિદ્યાર્થી પ્રતિનિધિ સભા(SRC)

## પ્રવૃત્તિ અહેવાલ

વર્ષ : **2022-23**


આચાર્ય-ડૉ. હિમ્મત ભાલોડિયા

પ્રા. બી. કે.વાઘેલા (કન્વીનર)

પ્રા. સ્મિતા જૈન

પ્રા. નરેન્દ્ર રાવલ

પ્રા. નિરાલી શાહ

પ્રા. સંદીપ સાંચલા

પ્રા. વિનોદ મોવલિયા

# અનુક્રમણિકા

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિ નું નામ |
|---|---|---|
| 1 | 13/08/2022 | હર ઘર તિરંગા રેલી અને શાહિદ વીર વિનોદ કિન્નરીવાલા પુષ્પાંજલિ |
| 2 | 15/08/2022 | સ્વતંત્રતા દિવસની ઉજવણી |
| 3 | 29/08/2022 | ઓરિએન્ટેશન |
| 4 | 04/09/2022 | શિક્ષક દિવસ ઉજવણી |
| 5 | 12/01/2023 | પ્રવાસ |
| 6 | 23/01/2023 | SRC રચના |
| 7 | 26/01/2023 | પ્રજાસત્તાક પર્વ ઉજવણી |
| 8 | 22/02/2023-<br>24/02/2023 | વિવિધ ડે ઉજવણી |
| 9 | 31/03/2023 | વાર્ષિકોત્સવ |

**હર ઘર તિરંગા યાત્રા**

**શાહિદ વીર વિનોદ કિન્નરીવાલા પુષ્પાંજલિ કાર્યક્રમ**

**કૉલેજની આજુબાજુના ૫ કિમી વિસ્તારમાં**

તા. ૧૩/૦૮/૨૦૨૨ ના રોજ ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાત આર્ટ્સ અને કોમર્સ કોલેજ અમદાવાદમાં વિશાળતિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ભારતના વિવિધ રાજયોના પારંપારિક વેશભૂષા સાથે જોડાયા હતા. રોય આસ્થાએ તિરંગાના મહત્વ વિશે પોતાનું વકતવ્ય રજુ કર્યું હતું. તેમજ કોલેજની આજુબાજુના ૫ કી.મી. વિસ્તારમાં આ યાત્રા દ્વારા રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના લોકોમાં જળવાય રહે અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજો અદા કરતા રહે એ ઉદેશ્ય સાથે આ તિરંગા યાત્રાનું આયોજન કોલેજના એન.સી.સી, એન.એસ.એસ અને સ્પોર્ટ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કોલેજનો સમગ્ર સ્ટાફ ગણ અને કોલેજના આચાર્ય ડૉ. હિમ્મત ભાલોડીયા પણ આ યાત્રામાં જોડાયા હતા. તેમજ કુલ મળીને ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મળીને આ યાત્રા ને સફળ બનાવી હતી. ત્યારબાદ કોલેજના કેમ્પસમાં આવેલા વીર શહીદ વિનોદ કિનારીવાલાના શહીદ-સ્મારકને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આઝાદી માટે વીર શહીદ વિનોદ કિનારીવાલાના બલિદાન વિશે કૉલેજના આચાર્ય ડૉ. હિમ્મત ભાલોડીયાએ વિદ્યાર્થીઓને પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું.






**સ્વતંત્રતા દિવસની ઉજવણી**

તા. ૧૫/૦૮/૨૦૨૨ ના રોજ કૉલેજ ખાતે યોજાયેલ **સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં** સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજર રહી ધ્વજવંદન કરી રાષ્ટ્ર પ્રત્યે પોતાની ફરજ અદા કરી હતી. તેમજ આ કાર્યક્રમમાં કેમ્પસની ત્રણેય કૉલેજ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજના આચાર્યશ્રી હિંમ્મત ભાલોડિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.







“Orientation”તા.29-08-2022

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,(સાંજ)માં B.A. અને B.Com. સેમેસ્ટર -1 માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે તા.29-8-2022ના રોજ ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાસંગિક ઉદ્બોધનમાં આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને આવકાર આપી કોલેજના ઇતિહાસથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ કોલેજના દરેક વિભાગના અધ્યાપકોએ સ્ટેજ ઉપર જઇ પોતાનો પરિચય આપ્યો હતો. ડૉ. બી. કે. વાઘેલા સાહેબે કૉલેજના નિયમો અને કલમોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતમાં S.R.C. સમિતિના અધ્યક્ષ્યા શ્રીમતી સ્મિતાબેને આભારવિધિ કરી હતી.












# શિક્ષક દિવસ ઉજવણી

તા.૦૪/૦૯/૨૦૨૨ના રોજ કૉલેજ ખાતે **શિક્ષક દિવસની ઉજવણી** કરવામાં આવી હતી કોલેજ એસ.આર.સી. આયોજિત આ ઉજવણીમાં રાષ્ટ્રીય સેવા યોજનાના 18વિદ્યાર્થીઓએ ભાગ લઇ શિક્ષક દિવસ નિમિતે વર્ગખંડમાં જઇને શિક્ષણ કાર્ય કર્યું હતું. ત્યારબાદ યોજાયેલા અભિવાદન કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રીએ ભાગ લેનાર તમામને અભિનંદન આપ્યા હતા. ઉત્તમ શિક્ષણ કાર્ય કરનાર તરીકે પાઇ પ્રાર્થના અને બોલિયા ગૌતમની પ્રથમ ક્રમાંકે પસંદગી થઇ હતી. ભાગ લેનારને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.














# શૈક્ષણિક પ્રવાસ

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સાંજની) – અમદાવાદ દ્વારા આયોજિત એક દિવસીયશૈક્ષણિક પ્રવાસ “નડાબેટ” મુકામે તારીખ 12/01/2023 ના રોજ યોજાઇ ગયો. સવારે 8:30 કલાકે મોઢેરા મુકામે પહોંચીત્યાં મોઢેરાનું સૂર્યમંદિર અને તેનો ઇતિહાસ તથા મંદિરની આગળના ભાગમાં આવેલ રામકુંડ સૌએ નિહાળ્યો.રસ્તામાં સમી મુકામે સરકારી આર્ટસએન્ડ કોમર્સ કોલેજમાં‘સ્વામી વિવેકાનંદ જયંતિ’ નિમિત્તે યોજવામાં આવેલ પ્રદર્શનીને કોલેજના આચાર્યડો.હિમ્મત ભાલોડીયા તથા સમી કોલેજના આચાર્યડો.પી.એસ.પટેલ તથા શ્રી બી.કે.વાઘેલા સાહેબે ખુલ્લો મુક્યો. સૌ અધ્યાપક અને વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવન આધારિત વિવિધ પુસ્તકો અને ફોટોગ્રાફ્સની પ્રદર્શની નિહાળી. ત્યાંથીનડાબેટ પહોંચી, નડેશ્વરી માતાના દર્શન કરી બોર્ડર જોવા માટે અમે સૌ રવાના થયા.સીમાદર્શન બાદ પરત નડાબેટ મુકામે પરેડ નિદર્શન માટે પહોંચ્યા. સાંજે 5:30 કલાકે પાકિસ્તાન વાઘા બોર્ડર પર પંજાબમાં જે પ્રકારે પરેડ કરવામાં આવે છે તેવી જ પરેડ નડાબેટમાં યોજવામાં આવી,જેને સૌએ રસપૂર્વક નિહાળી. રાત્રે લગભગ 1:30 કલાકે કોલેજ પર પહોંચી ગયા અને સૌ વિદ્યાર્થી પોત પોતાનાવાલી સાથે પોતાના ઘરે શાંતિથી પહોંચી ગયા











## S.R.C.સમિતિ નિમણૂંક, વર્ષ-2022-23

તા. 23-1-2023, સોમવારના ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ(સાંજ), અમદાવાદના વિદ્યાર્થીસંઘ એટલે કે વિદ્યાર્થી પ્રતિનિધિ સભાની જનરલ મીટીંગ દરેક સેમેસ્ટરના દરેક ડિવિઝનના આધારે (બી.એ./બી.કોમ.) પસંદગી પામેલા વર્ગ પ્રતિનિધિઓની તથા કૉલેજ S.R.C.નીમીટીંગ રૂમ નં. 27માં 12 કલાકે મળી હતી. જેમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની થાય છે.

1.નવા નિમણૂંક પામેલા વર્ગ પ્રતિનિધિઓને આવકારવા.

2.હાજર રહેલ વર્ગ પ્રતિનિધિઓમાંથી હોદ્દેદારોની નિમણૂંક કરવી.

3.નવા પ્રતિનિધિઓને કો-ઓપ્ટ કરવા.

આજ રોજ મળેલ વર્ગ પ્રતિનિધિઓની જનરલ મીટીંગમાં B.A. અને B.Com.ના કુલ 26 ડીવીઝનમાંથી કુલ 15 વિદ્યાર્થી પ્રતિનિધિ સભ્યો હાજર રહ્યા હતા. જેથી કોરમ પૂર્ણ થતાં મીટીંગની કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રતિનિધિ સભ્યોની મીટીંગમાં હાજર રહેલ વિદ્યાર્થી પ્રતિનિધિઓમાંથી G.S. L.R. અને અન્ય સેક્રેટરીશ્રીઓની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. જેઓના નામ અને હોદ્દા નીચે મુજબ છે.

| ક્રમ | નામ | સેમેસ્ટર | હોદ્દો |
|---|---|---|---|
| 1. | સવજાણી જય | B.Com. - 6 | G.S. |
| 2. | રાઠોડ ભૂમિકા | B.A.- 6 | L.R. |
| 3. | વાળા હર્ષરાજસિંહ . | B.A.- 4 | Sports Secretary |
| 4. | વિઠલાણી વિદિત . | B.Com.- 4 | Cultural Secretary |
| 5. | સોલંકી પૃથ્વીરાજ બી. | B.Com.- 2 | Library Secretary |
| 6. | ચૌહાણ સુમન. | B.Com.- 2 | Debate Secretary |

S.R.C.સમિતિતથાવિદ્યાર્થી પ્રતિનિધિ સભાના સભ્યો દ્વારા નીચે દર્શાવેલા N.C.C., N.S.S. અનેSportsના પ્રતિનિધિઓને સર્વાનુમતે કો-ઓપ્ટ કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | સેમેસ્ટર | હોદ્દો |
|---|---|---|---|
| 1. | તોમર ઉર્વશીદાલસિંઘ | B.Com.- 6 | N.C.C. પ્રતિનિધિ |
| 2. | પાઇ પ્રાર્થના ત્રિવિક્રમ | B.Com.- 6 | N.S.S. પ્રતિનિધિ |
| 3. | મકવાણા આદિત્ય હિમાંશુભાઇ | B.Com.- 4 | Sports પ્રતિનિધિ |

| NO. | DIVISION | NAME OF CR | M.NO. | MARKS/% |
|---|---|---|---|---|
| | | B.COM. SEMESTER-I & II | | |
| 1 | A | CHAUHAN SUMAN SYAMBABU | 6354927371 | 594/700 |
| 2 | B | GHANCHI PRAVINBHAI KASTURBHAI | 9016056271 | 632/700 |
| 3 | C | MODASIYA MAQBUL AHMED SAEED AHMED | 9328799466 | 638/700 |
| 4 | D | PUROHIT UDAY DINESHBHAI | 7069050680 | 640/700 |
| 5 | E | VASAVA VAISHALIBEN MAKTABHAI | 9510468506 | 622/700 |
| 6 | F | SOLANKI PRUTHVIRAJSINH VIKRAMSINH | 8799229502 | 607/700 |
| | | B.A. SEMESTER-I & II | | |
| 7 | A | BOLIYA JAYRAJBHAI AJITBHAI | 7802893530 | 82.29 |
| 8 | B | SOLANKI BHARGAVIBEN PRAVINBHAI | 8511850652 | 77.94 |
| 9 | C | BOLIYA DHANRAJBHAI MANUBHAI | 9265155605 | 87.29 |
| 10 | D | BHADARVA DEVDAS PRATAPBHAI | 7984781526 | 93.71 |
| | | B.COM. SEMESTER-III & IV | | |
| 11 | A | ACHARYA HARSH JAYESHKUMAR | 8849562219 | 522 |
| 12 | B | JETHVA ANJALI DINESHBHAI | 7990182283 | 552 |
| 13 | C | PANDEY PRACHI MUNNALAL | 8960584416 | 546 |
| 14 | D | RAJPUT NISHANT RAASHRAY | 7405485389 | 523 |
| 15 | E | VITHALANI VIDIT RAJESHBHAI | 6355977322 | 505 |
| 16 | F | PARMAR KULDEEP RAMESHBHAI | 9737472602 | 486 |
| | | B.A. SEMESTER-III & IV | | |
| 17 | A | GOHIL HARSHDEEPSINH BALBHARDASINH | 6352502207 | 522 |
| 18 | B | VALA HARSHRAJSINH YAJUVENDRASINH | 7861900220 | 534 |
| | | B.COM. SEMESTER-V & VI | | |
| 19 | A | GADE OMKAR PRAVIN | 9157850847 | 648 |
| 20 | B | SAVJANI JAY PRAKASHBHAI | 6351205260 | 697 |
| 21 | C | PRAJAPATI REEMA PRASAD | 9510116165 | 689 |
| 22 | D | SURWANSHI SHRUTI ANILBHAI | 9601682075 | 767 |
| 23 | E | THAKUR RASHMI RAMAYAN | 9824254896 | 665 |
| 24 | F | VAGHELA VAISHALI KHUSHALBHAI | 7859968380 | 789 |
| | | B.A. SEMESTER-V & VI | | |
| 25 | A | NAIYA ROHAN RAJESHBHAI | 6354545073 | 711 |
| 26 | B | RATHOD BHUMIKA BHUPATBHAI | 9727959582 | 740 |





## 26મી જાન્યુઆરી-2023, 74મા પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી

ગુજરાત કૉલેજ કેમ્પસ પરિવાર દ્વારા 26મી જાન્યુઆરી-2023, 74મા પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી કેમ્પસની ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ(સાંજ), અમદાવાદના યજમાનપદે કરવામાં આવી. જેમાં મુખ્ય અતિથિ તરીકે બ્રિગેડિયર શ્રી એન. કે.રાયજાદા(ગ્રુપ કમાન્ડર અમદાવાદ N.C.C.)અને અતિથિ વિશેષ તરીકે આંતરરાષ્ટ્રીય ચિત્રકાર શ્રી વૃંદાવન સોલંકી તથા લેફ્ટનન્ટ કર્નલ સતીષકુમાર(એડમ ઓફિસર 1-ગુજરાત બટાલિયન N.C.C.) ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસની ત્રણેય કૉલેજના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ અને N.C.C., N.S.S. અને Sportsના વિદ્યાર્થીઓ, G.S. તથા L.R. ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ આચાર્યશ્રી એચ.ડી. ભાલોડિયા સાહેબે શાબ્દિક સ્વાગત કરી સૌને આવકાર આપ્યો હતો અને આગામી સમયમાં દેશમાં યોજાનાર G-20 સમિટ વિશે માહિતિ આપી હતી. ત્યાર બાદ બંને મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. ત્યાર બાદ કેમ્પસની ત્રણેય કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ વિશેના સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયા હતા. જેમાં કેમ્પસનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયું હતું.








## વિવિધ-ડે ઉજવણી          તા. 22-02-2023 થી 24-2-2023

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,(સાંજ)માં વિવિધ દિવસોની ઉજવણી અંતર્ગત તા. 22-2-23ના રોજ ડેનિમ ડે તથા તા. 23-2-2023 ના રોજ ગરબા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થી ભાઇ-બહેનો ટ્રેડિશનલ પોષાકમાં આવ્યા હતા. સાંજે 4 થી 6 દરમ્યાન સૌ વિદ્યાર્થીઓ-અધ્યાપકો ગરબે રમ્યા હતા. તા.24-2-2023ના રોજ બ્લેક એન્ડ વ્હાઇટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જે સૌને આચાર્યશ્રી એચ.ડી. ભાલોડિયા સાહેબે અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા.

### ડેનિમ ડે તા. 22-02-2023



### ગરબા-ડે          તા. 23-02-2023











**બ્લેક એન્ડ વ્હાઇટ ડે** **તા. 24-02-2023**



## વાર્ષિકોત્સવ તા. 31-03-2023

ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ (સાંજ) અમદાવાદનો વર્ષ ૨૨-૨૩નો ભવ્ય વાર્ષિકોત્સવ કાર્યક્રમ અને ઈનામ વિતરણ સમારોહ તા ૩૧.૩.૨૩ના રોજ ટાગોર હૉલ અમદાવાદ ખાતે કલ્ચરલ કમિટી અને SRC કમિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. વર્ષ દરમિયાન અભ્યાસમાં અને ઈતર પ્રવૃત્તિઓ જેવી કે સપ્તધારા, સ્પોર્ટ્સ, NSS, NCC માં વિદ્યાર્થીઓએ મેળવેલી વિશિષ્ટ સિદ્ધિઓને બિરદાવવા ટ્રોફી અને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતી. આ પ્રસંગે ખીચોખીચ ભરેલા ટાગોર હૉલમાં તાળીઓના ગડગડાટ વચ્ચે વિદ્યાર્થીઓના શાનદાર ડાન્સ અને સિંગિંગ પરફોર્મન્સીસ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી ગયા હતાં. આ પ્રસંગે આચાર્ય શ્રી ડૉ. હિમ્મત ભાલોડિયાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહનની શીખ આપી, કાર્યક્રમના સુંદર આયોજન બદલ SRC કમિટીના અધ્યક્ષ પ્રા. બહાદુરસિંહ વાઘેલા તેમજ કલ્ચરલ કમિટી અને સપ્તધારાના કન્વીનર ડૉ. ગાર્ગી શાહનો, કોલેજના GS જય સવજાની તેમજ કાર્યક્રમના આધાર સ્તંભ સમા તમામ અધ્યાપકો અને ભાગ લેનાર તેમજ સંકલન ટીમના તમામ વિદ્યાર્થીઓનો વિશેષ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. શિવાંગ ભાવસાર, ડૉ. નિરાલી શાહ, ડૉ. ઈજન વૈદ્ય તેમજ વિશેષ પહેલના ભાગ રુપે કૉલેજની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની ઝીલ રાઠોડ દ્વારા કરવામા આવ્યું હતું.

















